# ગુજરાતનો ઈતિહાસ

❖ ત્રણ મુખ્ય ભાગ :- પ્રાચીન ગુજરાતનો ઇતિહાસ
:- મધ્યકાલિન ગુજરાતનો ઇતિહાસ
:- અર્વાચીન(આધુનિક) ગુજરાતનો ઇતિહાસ

## પ્રાચીન ગુજરાતનો ઇતિહાસ

❖ ત્રણ મુખ્ય ભાગ :- ૧) પ્રાગૈતિહાસિક યુગ, ૨) પૌરાણિક યુગ, ૩) વિવિધ વંશો

### ૧)પ્રાગૈતિહાસિક યુગ

વિવિધ સ્થળોએથી અવશેષો પ્રાપ્ત થયા. અવશેષોનો સમય નક્કી કરવા કાર્બન ડેટિંગ પદ્ધતિનો ઉપયોગ થાય છે. જેમાં C-14 ને ધ્યાનમાં લેવામાં આવે છે.

| વર્ષ | પ્રાચીન નગરનું નામ | ઉત્ખનન કાર્ય કરનાર | કઈ નદી કિનારે | પ્રાચીન નગરનું સ્થળ |
|---|---|---|---|---|
| 1921 | હડપ્પા | રાયબહાદુર દયારામ સહાની | રાવી | પાકિસ્તાનના મોન્ટગોમરી જિલ્લામાં |
| 1922 | મોહે-જો-દડો | રખાલદાસ બેનર્જી | સિંધુ | પાકિસ્તાનના લારખાના જિલ્લામાં |
| 1954-55 | લોથલ | ડૉ. એસ .આર. રાવ | ભોગાવો અને સાબરમતીની વચ્ચે. | અમદાવાદના ધોળકા તાલુકામાં સરગલા ગામ |

- મોહેં-જો-દડો માંથી એક વિશાળ જાહેર સ્નાનાગાર મળી આવ્યું છે
- લોથલ અને મોહેં-જો-દડો નો અર્થ થાય મરેલાનો ટેકરો
- લોથલ માંથી સોનાના મણકાની માળા, સળગાવેલી હાલતમાં યુગલ મમી અને જહાજ લાંઘરવાનો ધક્કો(ડોકયાર્ડ) મળી અવ્યા છે.
- લોથલને વિશ્વનો સૌથી પ્રાચીન ડોકયાર્ડ ગણવામાં આવે છે .

ગુજરાત માંથી મળી આવેલા સ્થળો :

| જિલ્લો | પ્રાચીન અવશેષ મળી આવ્યા તે સ્થળો |
|---|---|
| કચ્છ | કૂરન, લાખપર, ધોળાવીરા/કોટડા(સૌથી મોટું, 1967-68 માં જે.પી.જોષી અને 1991માં આર.એસ.વિષ્ટ), દેસલપુર, પબુમઢ, સૂરકોટડા |
| જામનગર | લાખાબાવળ, આમરા |
| ગીરસોમનાથ | પ્રભાસ |
| સુરેન્દ્રનગર | રંગપુર (સૌ પ્રથમ) ઈ.સ.૧૯૩૧ માધોસ્વરૂપ વત્સ અને 1953 એસ.આર. રાવે અહીં ખોદકામ કરેલું. |
| મોરબી | કુન્તાસી |
| રાજકોટ | આટકોટ, રોઝડી |
| મહેસાણા | લાઘણુંજ, કોટ, પેઢામલી |
| અમદાવાદ | ધોળકા |
| સુરત | માલવણ |

### ૨)પૌરાણિકયુગ

મનુ
મનુસ્મૃતિ નામનો ગ્રંથ લખ્યો. જેમાં માણસોએ પાળવાના નિયમો લખ્યા છે.
↓ વંશજ
શર્યાતિ
તેના સમયથી ગુજરાતનો પૌરાણિક ઈતિહાસ શરૂ થાય છે.
↓પુત્ર

આનર્ત

આનર્તે ગુજરાતના ઉત્તરના ભાગમાં રાજ કર્યું તેથી તે વિસ્તાર “આનર્તપ્રદેશ”તરીકે ઓળખાય છે. તેની રાજધાની “કુશસ્થળી” હતી. તેથી કુશસ્થળી પ્રાચીન ગુજરાતની પ્રથમ રાજધાની હતી.

↓પુત્રરૈવત

રૈવતે જૂનાગઢના ગિરનાર ખાતે રાજ કર્યું તેથી ગિરનાર પર્વતને ”રૈવતક” પર્વત પણ કહે છે.
શ્રી કૃષ્ણની આગેવાનીમાં સેનાએ રૈવતને હરાવ્યો. શ્રી કૃષ્ણએ કુશસ્થળી(દ્વારકા) નજીક નવું નગર દ્વારામતી/ દ્વારાવતી(બેટ દ્વારકા) વસાવ્યું.
શ્રી કૃષ્ણએ કુશસ્થળી(દ્વારકા) નગરી વસાવી હતી.

## 3) વંશો

### મગધ શાસન(ઈ.સ.પૂર્વે ૬૦૩ થી ૩૨૪)

* રાજધાની :- પાટલીપુત્ર (પટના)

મુખ્ય રાજાઓ :- બિંબિસાર » અજાતશત્રુ » શિશુનાગ » મહાપદ્માનંદ » ધનનંદ

| ધનનંદ Vs ચંદ્રગુપ્ત મૌર્ય |
|---|

ચંદ્રગુપ્ત મૌર્યની જીત

## મૌર્યકાળ :-

* સ્થાપક :- ચંદ્રગુપ્ત મૌર્ય [ગુજરાતમાં રાજધાની : ગિરિનગર{હાલ.ગિરનાર}], રાજભાષા : પ્રાકૃત

- *ચંદ્રગુપ્તમૌર્યના સમયથી ગુજરાતનો પ્રમાણિત ઈતિહાસ શરૂ*
- ચંદ્રગુપ્તમૌર્યના સુબા પુષ્યગુપ્તે જુનાગઢના ગિરનારમાં સુદર્શન તળાવ બંધાવ્યું. જે ગુજરાતનું સૌથી પ્રાચિન તળાવ છે.
- તે સમયે બૌધ્ધ ધર્મ પ્રચલિત હતો. ચંદ્રગુપ્તનો પુત્ર બિંદુસાર, બિંદુસારનો પુત્ર અશોક.
- જૂનાગઢમાં અશોકનો શિલાલેખ આવેલો છે. જે બ્રાહ્મી લિપી(દેવનાગરી લિપી) માં રચાયેલ છે. આ લિપીને ઉકેલનાર જેમ્સપ્રિન્સેપ હતો. જેમાં ભારતીય ભગવાનલાલ ઈન્દ્રએ સુધારા વધારા કર્યા. આ શિલાલેખમાં ૧૪ ધર્મ આજ્ઞાઓ હતી. તેમા અશોક રાજાનો ઉલ્લેખ “ પ્રિયદર્શીરાજા” અને “દેવાનામપ્રિય” તરીકે કરવામાં આવ્યો છે.

**કલિંગનુ યુદ્ધ :- ઇસ. પૂર્વ. ૨૬૧માં થયું.**

* અશોક રાજાએ કલિંગના રાજા(ખારવેલ) ને હરાવ્યો. (કલિંગ એટલે હાલ ઉડિશા)

- આ યુધ્ધમાં આશરે ૧ લાખ જેટલા લોકો મુત્યુ પામ્યા. પરિણામે અશોકનું હ્રદય પરિવર્તન થયું.
- બૌધ્ધસાધુ ઉપગુપ્તના કહેવાથી અશોકે બૌધ્ધ ધર્મ અંગિકાર કર્યો.
- અશોકે પોતાના પુત્ર મહેન્દ્ર, પુત્રી સંઘમિત્રા અને પૌત્ર સંપ્રતિને બૌધ્ધ ધર્મના પ્રચાર માટે સિલોન ( હાલ શ્રીલંકા ) મોકલ્યા.
- શ્રીલંકાના પ્રાચિનનામ :- સિલોન, સિંહલદ્રિપ.

અંતિમ રાજા : બૃહદ્રથ (બૃહદ્રથની હત્યા તેના બ્રાહ્મણ સેનાપતિ પુષ્યમિત્ર શૃંગ કરી)

## અનુમૌર્ય કાળ:-

### ક્ષત્રપો ( શકો )નું શાસન.

પશ્ચિમભારતમાં ૪૦૦ વર્ષ સુધી ક્ષત્રપોનું શાસન હતું.

- શ્રેષ્ઠ ક્ષત્રપ રાજા :- રુદ્રદામા (જુનાગઢ માં તેનો શિલાલેખ આવેલો છે.) રુદ્રદામાના સુબા સુવિશાખે સુદર્શન તળાવનું સમારકામ કરાવ્યું.
- છેલ્લો ક્ષત્રપ રાજા :- રુદ્રસિંહ ત્રીજો.
- ચંદ્રગુપ્ત બીજાએ રુદ્રસિંહને હરાવીને ગુજરાતમાંથી ક્ષત્રપ સત્તાનો અંત આણ્યો.

| | |
|---|---|
| રુદ્રસિંહ ત્રીજો Vs ચંદ્રગુપ્ત બીજો | ચંદ્રગુપ્ત બીજાની જીત |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

## ગુપ્તકાળ (ભારતનો સુવર્ણયુગ)

- આદ્યસ્થાપક : શ્રી ગુપ્ત,
- ભારતમાં સ્થાપક :- ચંદ્રગુપ્ત પહેલો,
- ગુજરાતમાં સ્થાપક : ચદ્રગુપ્ત બીજો(વિક્રમાદિત્ય/). બિરુદ : શકારી અને સાહશાંક
- પ્રચલિત ધર્મ :- વૈષ્ણવ ધર્મ.
- ચંદ્રગુપ્ત બીજાએ રુદ્રસિંહને હરાવીને ગુજરાતમાંથી ક્ષત્રય સત્તાનો અંત કર્યો.
- ચદ્રગુપ્ત બીજાના સમયમાં ઈ.સ.405 માં આરબ મુસાફર ફાહ્યાને ગુજરાતની મુલાકાત લીધી.
- સ્કંદગુપ્તના સુબા પર્ણદંત્તે સુદર્શન તળાવનો જીર્ણોધ્ધાર કરાવ્યો.
- સ્કંદગુપ્તનો શિલાલેખ અશોકના શિલાલેખની બાજુમાં આવેલ છે.
- સ્કંદગુપ્તના નામના સોનાના સિક્કા બહાર પાડવામાં આવ્યા .

અંતિમ રાજા : વિષ્ણુ ગુપ્ત

## મૈત્રકયુગ (ઈ.સ. 470 થી 788)

* સ્થાપક :- સેનાપતિ ભટાર્ક , * રાજધાની :- વલભીપુર ( ભાવનગર ), પ્રચલિત ધર્મ :- શિવ ધર્મ,

પ્રચલિત રાજાઓ : સેનાપતિ ભટાર્ક, ગૃહસેન, શિલાદિત્ય, ધ્રુવસેને બીજો, ધરસેન ચોથો

- શિલાદિત્ય નામના રાજાએ “ ધર્માદિત્ય” નું બિરુધ ધારણ કર્યું.
- ધ્રુવસેને બીજાના સમયમાં ઈ.સ. 640 માં ચીની મુસાફર હ્યુ-એન-ત્સંગ ગુજરાતની મુલાકાતે આવ્યો હતો.
- ધરસેન ચોથાએ “ મહારાજાધિરાજ ” અને “ ચક્રવર્તી” નું બિરુદ ધારણ કર્યું.
- વિશ્વવિખ્યાત વલભી વિદ્યાપીઠ :- વલભીપુર ખાતે આવેલ છે.

અંતિમ રાજા : શિલાદિત્ય સાતમો

### મૈત્રકોના સમકાલિન રાજ્યો

| રાજ્ય | રાજધાની |
|---|---|
| ગારુલકવંશ | ઢાંક |
| સૈન્ધવ વંશ | ધૂમલી |
| ત્રૈકૂટકો | અપરાન્ત પ્રદેશ |
| કટચ્યૂરીઓ | ભૃગુકચ્છ |
| ગુર્જર નૃપતિઓ | નાન્દીપુર |
| ચાહમાનો | અંકલેશ્વર |
| ચાલુક્યો | નવસારી |
| સેન્દ્રકો | તાપી તટ |

## અનુમૈત્રક વંશ :-

### ૧) રાષ્ટ્રકુટો

સ્થાપક : દંતિદૂર્ગ

રાજધાની :- માન્યખેત ( હાલ – નાસિક )

### 2)ગુર્જર પ્રતિહારો

રાજધાની :- ભીન્નમાલ ( હાલ – આબુ નજીકનો પ્રદેશ. )

## 3)ચાવડાવંશ (ઈ.સ.746 થી 942)

**સ્થાપક :- વનરાજ ચાવડા,** રાજધાની ;- પંચાસર ( હાલ – રધનપુર નજીકનો પ્રદેશ)

વનરાજ ચાવડા: પિતા – જયશિખરી, માતા – રૂપસુંદરી, મામા – સૂરપાળ, મિત્ર - અણહિલ ભરવાડ અને ચાંપો વણિક

- વનરાજ ચાવડાએ પોતાના સેનાપતિ ચાંપાની યાદમાં ચાંપાનેર નગર વસાવ્યું અને પોતાના મિત્ર અણહિલ ભરવાડના નામ પરથી અણહિલપુર પાટણ(પાટણ) નગર વસાવ્યું.
- ચાપાનેરના રાજાઓ " પતઈ " નામ પરથી ઓળખાય છે.
- **અંતિમ રાજા : સામંતસિંહ ( સામંતસિંહની બહેન લીલાદેવી અને રાજા રાજના પુત્ર મુળરાજ સોલંકીએ તેમની હત્યા કરી સોલંકી વંશની શરૂયાત કરી હતી)**

## સોલંકી વંશ (ઈ.સ. 942 થી 1244) ગુજરાતનો સુવર્ણ યુગ.

* સ્થાપક :- મુળરાજ સોલંકી,

રાજધાની :- અણહિલપુર પાટણ

- આ યુગમાં ગુજરાત 'ગુર્જરદેશ' અથવા "ગુજરાત' તરીકે ઓળખાતો હતો.
- મુળરાજ સોલંકી -» ચામુંડારાજ -» વલ્લભરાજ -» દુર્લભરાજ -» ભીમદેવ પહેલો -» કર્ણદેવ સોલંકી -» સિધ્ધરાજ જ્યસિંહ -» કુમારપાળ -» અજયપાળ -» મુળરાજ બીજો -» ભીમદેવ બીજો -» ત્રિભુવનપાળ

### મુળરાજ સોલંકી (પિતા – રાજ, માતા – લીલાદેવી)

- મુળરાજ સોલંકીએ સિધ્ધપુરમાં રુદ્રમહાલય બંધાવ્યો.

### ભીમદેવ પહેલો(ઈ.સ. 1022 થી 1064)

- મોઢેરામાં પુષ્પાવતી નદિના કિનારે સૂર્યમંદિર બંધવ્યું.
- 7/1/1026 ના રોજ મહંમદ ગઝનીએ સોમનાથ પર આક્રમણ કર્યુ ત્યારે ગુજરાતમાં ભીમદેવ પહેલાનું શાશન હતું.
- તેણે સોમનાથનું પથ્થરનું મંદિર બંધાવ્યું. (હાલના સોમનાથ મંદિરનો જિર્ણોધ્ધાર સરદાર વલ્લભભાઈ પટેલે ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે કરાવેલ)
- તેની પત્નિ રાણી ઉદયમતિએ પાટણમાં " રાણકી વાવ" બંધાવી. જે સાત માળની છે.

### કર્ણદેવ સોલંકી(ઈ.સ. 1064 થી 1094)

- આશાપલ્લી ( હાલ – અસારવા ) ના સ્થાને કર્ણદેવતી નગર વસાવ્યું . કર્ણાટકા રાજ્યના ચંદોરના રાજા જયકેશીની કુંવરી મયણલ્લાદેવી (મિનળ દેવી) સાથે લગ્ન કર્યાં.

### સિધ્ધરાજ જ્યસિંહ (ઈ.સ. 1094 થી 1142 )

( જન્મસ્થાળ – પાલનપુર )

- સોલંકીયુગનો સૌથી પરક્રમી રાજા.
- તેમના પાંચ નામ :- સિધ્ધ, ચંડ, અવંતીનાથ, ચક્રવર્તી, બાર્બરિક જિષ્ણું.
- રુદ્રમહાલયનો જિર્ણોધ્ધાર કરવ્યો અને પાટણમાં સહસ્ત્રલીંગ તળાવ બંધાવ્યું તથા તેની ફરતે 1008 શિવલીંગ બનાવ્યા.
- તેણે જૂનાગઢના રાજા રા'ખેંગારને હરવી "**સિધ્ધરાજ**"નું બિરુદ ધારણ કર્યુ.
- માળવાના રાજા યશોવર્માને હરાવ્યા બાદ અવંતીનાથ કહેવાયા. (યશોવર્માની પુત્રી અવંતી સાથે લગ્ન કર્યા તેથી)
- તેમના ગુરુ હેમચંદ્રાચાર્યએ સિધ્ધરાજની પ્રેરણાથી " સિધ્ધહેમશબ્દાનુંશાસન " નામનો વ્યાકરણ ગ્રંથ લખ્યો જે ગુજરાતી ભાષાનો પ્રથમ વ્યાકરણ ગ્રંથ છે.

### મીનળ દેવી:-

- સિધ્ધરાજની માતા મીનળદેવી ગુજરાતની પ્રથમ સ્ત્રી રાજ્યકર્તા હતી.
- સોમનાથ પરનો યાત્રાવેરો માફ કરાવ્યો.
- વિરમગામમાં મુનસર તળાવ બધાંવ્યું.
- ધોળાકામાં મલાવ તળાવ બંધાવ્યું અને કહેવાય છે કે મીનળદેવીનો ન્યાય જોવો હોયતો ધોળકાનું મલાવ જોવું ( ન્યાયનું પ્રતિક )
- સિધ્ધરાજ જ્યસિંહ પછી કુમારપાળ નું શાસન શરૂ.

## કુમારપાળ (ઈ.સ. 1143 થી 1174)

- ગુજરાતા નો અશોક.
- જૈન ધર્મ પ્રત્યે પ્રીતિ , જૈન ધર્મ રાજ્યધર્મ.
- બૌધ્ધ ધર્મ નો અસ્ત થયો.
- તેના સમયમાં વસ્તુપાળ અને તેજપાળે દેલવાડામાં જૈનદેરાસરો બંધાવ્યા જેનો પ્રથમ તીર્થંકર રૂષભદેવ ( આદિનાથ ) હતા.

અજયપાળ (ઈ.સ. 1174 થી 1177)

મુળરાજ બીજો (ઈ.સ. 1177 થી 1179)

ભીમદેવ બીજો (ઈ.સ. 1179 થી 1242)

સૌથી વધારે સમય સુધી ગુજરાત પર શાસન કર્યું.

- છેલ્લો સોલંકી રાજા :- ત્રિભુવનપાળ. (લવણપ્રસાદનોપુત્ર-» વિરધવલના પુત્ર -» વિશલદેવે તેની હત્યા કરી)

## વાઘેલા વંશ

સ્થાપક :- વિસલદેવ વાઘેલા. તેમણે વિસનગર શહેર વસવ્યું

### કર્ણદેવ વાઘેલા

- તેના મંત્રી માધવે અલાઉદીન ખિલજીને ગુજરાત જીતવા આમંત્રણ આપ્યું.
- તે ગુજરાતનો છેલ્લો રજપુત રાજા હતો.
- નંદશંકર મહેતાએ તેના જીવન પરથી " કરણઘેલો " નામની નવલકથા લખી હતી. જે ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા છે.

# મધ્યકાલિન ગુજરાતનો ઇતિહાસ

## ગુજરતમા દિલ્લી સલ્તનત.

- અલાઉદીન ખિલજીએ નુસરતખાન અને ઉલુપખાનને ગુજરાત પર આક્રમણ કરવા આદેશ આપ્યો. તેમણે કર્ણદેવ વાઘેલાને પરાજયા આપ્યો. આથી અલાઉદીન ખિલજીએ ગુજરાતના સુબા તરીકે અલપખાન ને મુક્યો. જે ગુજરાતનો પ્રથમ મુસ્લિમ સુબો હતો.

## તુઘલક વંશ

- સ્થાપક : ગ્યાસુદ્દીન તુઘલક
- મહમદ બિન તુઘલક(જોનાખાન) વિદ્વાન અને તરંગી શાસક હતો.

## ગુજરાત સલ્તનત યુગ

ઝફ્ફર ખાન (મુઝફ્ફર શાહ પહેલો)
ગુજરાતમાં સૌ પ્રથમ સ્વતંત્ર મુસ્લિમ રાજ્યની સ્થાપના કરી .
↓પુત્ર
તાતારખાન (મહેમદ શાહ પહેલો)
↓પુત્ર
અહેમદ શાહ પહેલો (મૂળનામ :- અહેમદખાન)

- ગુજરાત સલ્તનતનો ખરો સ્થાપક.
- ગાદી ધારણ કર્યાપછીનું નામ :- નસિરુદિન અહેમદશાહ.
- **26/02/1411** માં કર્ણાવતીના સ્થાને સાબરમતી નદિના કિનારે અમદાવદ નગર વસાવ્યું . આ નગરની ઈમારત ભદ્રનો કિલ્લો, જામા મસ્જિદ અને ત્રણ દરવાજાનું બાંધકામ કરાવ્યું હતું.
- હાથમતી નદિના કિનારે અહમદનગર (હિમંતનગર) શહેર વસાવ્યું .
- અમદાવાદમાં ટંકશાળમાં ધાતુના સિક્કા પડાવનાર પ્રથમ શાસક હતો.

## કુતુબુદિન અહેમદશાહ(મૂળનામ :- જલાલ ખાન)

- અમદાવાદમાં હોજ-એ-કુતુબ-(કાંકરિયા તળાવ) અને નગીનાવાડી બંધાવ્યા.
- રુબીન ડેવિડ નામના વ્યક્તિએ ત્યાં બાલવાટીકાનું સર્જન કર્યું.

## મહંમદ બેગડો (મૂળનામ :- ફતેહ ખાન)

- સર્વશ્રેષ્ઠ મુસ્લિમ શાસક * રાજધાની :- ચાંપાનેર. ધારણ કરેલ નામ :- નસિરુદિન મહંમદ શાહ
- ગુજરાતના અકબર તરીકે જાણીતો.
- જૂનાગઢ અને પાવગઢ એમ બે ગઢ જીત્યો હોવાથી બેગડો કહેવાય છે.
- જૂનાગઢનાં રાજા રા'માંડલિક ને હરાવ્યો.
- વાત્રક નદિના કિનારે મહેમદાવાદ નગર વસાવ્યું ત્યાં ભમ્મરિયોકૂવો બનાવ્યો.
- ગુજરાતમાંથી સૌ પ્રથમ ગળીનો નિકાસ શરૂ કરવ્યો હતો.
- તેમના સમયમાં અમદાવાદમાં દાદાહરિની વાવ અને અડાલજની વાવ બંધાઈ. જેમાંથી અડાલજની વાવ રાજા વિરસિંહની રાણી રૂડાબાઈ એ બંધાવી.જે 5 માળની છે.
- મહંમદ બેગડો, તેની બેગમ અને તેના શાહજાદાઓની મજાર સરખેજમાં આવેલી છે.
- શેખ અહેમદશાહ ખટ્ટુગંજ બક્ષની પણ મજાર સરખેજ ખાતે આવેલી છે.

## મુઝફ્ફર શાહ બીજો :-

* મહંમદ બેદડાનો પુત્ર.

- ગુજરાતનો સંત સુલતાન.
- તે પવિત્ર અને સંયમી જીવન જીવતો હોવાથી ગુજરાતનો સંત સુલતાન કહેવાયો.
- દિવ ખાતે પોર્ટુગીઝોને વેપાર કરવાની પરવાનગી આપીને ભુલ કરી.

## મુઝફ્ફર શાહ ત્રીજો :-

- ગુજરતમાં દિલ્હી સલ્તનતનો છેલ્લો શાસક.
- તેના મંત્રી ઈતિમાદખાને અકબરને ગુજરાત પર ચડાઈ કરવા આમંત્રણ

<u>મુઘલ યુગ</u>

**(B – બાબર h - હુમાયુ a- અકબર j -જહાંગીર s – શાહજંહા o – ઓરંગઝેબ )**

ગુજરાતમાં સ્થાપક :- અકબર

- ગુજરાત વિજ્યની યાદમાં ફતેહપુર સિકીમાં બુલંદ દરવાજાનું નિર્માણ કરાવ્યું .

## જહાંગીર :- (અકબરનો પુત્ર)

- મુળનામ :- સલીમ.
- બેગમનું નામ :- નૂરજહાં મુળનામ :- મહેરુન્નિસા.
- અંગ્રેજ પ્રતિનિધિ સર ટોમસ રો ને ભારતમાં વેપાર કરવાની પરવાનગી આપી.
- ૧૬૧૩ માં સુરત અને ૧૬૧૬ માં ભરુચ ખાતે અંગ્રેજોની કોઠીઓ સ્થપાઈ.
- અમદાવાદ ની ટંકશાળમાં ધાતુના સિક્કા પડાવનાર મુઘલ રાજા.

## શાહજહાં :-

- ગુજરાતમાં શાહીબાગ મહેલ બનાવ્યો.

## ઓરંગઝેબ :-

- ધર્મ જનૂની મુઘલ રાજા. જન્મ :- દહોદ.
- અકબરે બંધ કરાવેલ જજિયાવેરો ફરી શરૂ કરાવ્યો.
- અકબરના સમયમાં શરૂ થયેલી જમીનની જાત મુજબ જકાત લેવાની પધ્ધતિ બંધ કરાવી એક સરખી જકાત પધ્ધતિ દાખલ કરી.
- હોળી અને દિવાળી જેવા તહેવારોની ઊજવાણી પર પ્રતિબંધ મૂક્યો.
- તેના સમયમાં સુરત મક્કાનું પ્રવેશદ્વાર ગણાતું.
- તેના સમયમાં શિવાજીએ ૧૬૬૪ અને ૧૬૭૦માં એમ બે વાર સુરત શહેર લૂંટ્યું હતું.
- ૧૭૦૭ માં મૃત્યું.

## બહાદુર શાહ ઝફ્ફર

છેલ્લો મુઘલ શાસક

# આધુનિક ગુજરાતનો ઇતિહાસ

## ગુજરાતનાં દેશી રાજ્યો

- ભારતમાં 552(562) દેશી રાજ્યો માંથી 366 રાજ્યો ગુજરાતમાં હતા. રજવાડાના વિલીનીકરણ માટે સરદાર પટેલની આગેવાનીમાં "રજવાડી મંત્રાલય" અને "પટેલ સ્કીમ"ની રચના કરવામાં આવી અને તેની આગેવાની સરદાર પટેલે લીધી. તેમણે અખંડ ભારતની રચના કરી આથી તેમને "અખંડ ભારતના શિલ્પી" અથવા "ભારતના બિસ્માર્ક" પણ કહેવામાં આવે છે.
- બિસ્માર્ક જર્મનીના હતા. તેમણે જર્મનીમાં 27 રાજ્યોનું વિલીનીકરણ કરેલું.
- સયાજીરાવ ગાયકવાડ :- તેમના સમયમાં ગુજરાતનો સૌથી વધુ વિકાસ થયો.
- પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત જાહેર થયું.
- તેમના સમયમાં વડોદરામાં ગુજરાતનું પ્રથમ રેડિયોકેન્દ્ર(1939)માં શરૂ થયું.
- સયજીરાય ગાયકવાડ ત્રીજા(1875-1939)એ ગુજરાતનો વહિવટ ગુજરાતીમાં કરાવ્યો

## બ્રિટિશ યુગ

**1818:-** 1818 માં પેશવાઈનો અંત થતા મરાઠા શાસન પૂરૂ થયું અને બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની સાર્વભૌમ સતા બની.

**1853:-** 1853માં સિંધિયાએ પંચમહાલ,પાવાગઢ અને ચાંપાનેર બ્રિટિશ સરકારને સોંપ્યા.

## 1857 નો સંગ્રામ

### (૧૮૫૭ના વિપ્લવમાં ગુજરાતનો ફાળો)

- શરૂયાત :- ગુજરાતમાં વિપ્લવની શરૂયાત અમદાવાદમાં રહેલી લશ્કરની 7 મી તુકડીએ જૂન, 1857 માં કરી હતી.
- ગરબડદાસ :- આણંદના મુખી ગરબડદાસે ખેડા જિલ્લામાં અંગ્રેજોનો સામનો કર્યો. સૌ પ્રથમ કાળા પાણીની સજા પામનાર ગુજરાતી.
- જોધા માણેક :- ઓખાના વાઘેરોએ જોધા માણેકની આગેવાની હેઠળ અંગ્રેજો સામે બળવો કર્યો.
- તાત્યા ટોપે :- ગુજરાતમાં પ્રવેશી છોટા ઉદેપુર કબજે કર્યું.

# બ્રિટિશ તાજનો યુગ

**1858 :-** બ્રિટિશ તાજે ભારતનો વહીવટ સંભાળી લીધો.

ગુજરાતના પાંચ જિલ્લાનો વહીવટ મુંબઈના ગવર્નર મારફતે કરવામાં આવતો.

**1860 :-** આવકવેરો શરૂ થતા સુરતના વેપારીઓએ આંદોલન ચાલાવ્યું હતું.

**1878:-** લાયસન્સ ટેક્સના વિરોધમાં સુરતમાં આંદોલન થયું હતું.

# ગુજરાતમાં સ્વાતંત્ર્યસંગ્રામ

- "**પ્રજાસમાજ**" નામની રાજકીય સંસ્થા સ્થપાઈ
  1871 માં- સુરત તથા ભરૂચ
- 1872 માં – અમદાવાદ
- **1884:-** અમદાવાદમાં ગુજરાત સભા ની સ્થાપના થઈ.
- **1885** :- અંગ્રેજ અફસર એ.ઓ.હ્યુમે ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસ (I.N.C)- **INDIAN NATIONALA CONGRESS.** ની સ્થાપના કરી.
- I.N.C નુ પ્રથમ અધિવેશન મુંબઈ ખાતે એક ગુજરાતી પાઠાશાળા – ગોકુળદાસ તેજપાલ સંસ્કૃત પાઠશાળામાં ભરાયું.(પ્રમુખ- વ્યોમેશચંદ્ર બેનરજી)
- અમદાવાદમાં I.N.C અધિવેશન :- ૧૯૦૨(પ્રમુખ- સુરેન્દ્રનાથ બેનરજી)
- સુરતમાં I.N.C અધિવેશન :- ૧૯૦૭(પ્રમુખ- રાસ બિહારી ઘોષ)
  અહી કોંગ્રેસના બે ભાગ પડી ગયા.
  ૧ જહાલવાદી .
  ૨ મવાળવાદી.
  **જહલવાદી નેતા** :- બાલ ગંગાધર ટિળક, લાલા લજપતરાય, બિપિનચંદ્ર પાલ
  **મવાળવાદી નેતા** :- ગોપાલકૃષ્ણ ગોખલે, વ્યોમેશચંદ્ર બેનરજી, દાદાભાઈ નવરોજી, દિનશા વાચ્છા, ફિરોજશાહ મહેતા, મદનમોહન માલવિયા, સુરેન્દ્રનાથ બેનરજી.

- ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિના પ્રણેતા :- અરવિંદ ઘોષ :- પોંડિચેરીમાં આશ્રમ છે.
  ભવાની મંદિર પુસ્તકમાં બોમ્બ બનાવવાની રીત
- ભારતમાં સશસ્ત્ર ક્રાંતિના પ્રણેતા :- વાસુદેવ બળવંત ફડકે, વીર સાવરકર (મહારષ્ટ્ર)
- ઉત્તર અને મધ્ય ભારતમા (ચંદ્રશેખર, ભગતસિંહ, સુખદેવ, રામપ્રસાદ)
- વિદેશમાં સશસ્ત્ર ક્રાંતિના પ્રણેતા :- શ્યામજી કૃષ્ણ વર્મા(લંડન ખાતે " ઈન્ડિયન હોમરૂલ લીગ " અને "ઈન્ડિયા હાઉસ" ની સ્થાપના કરી), મેડમ ભીખાઈજી કામા, મદનલાલ ધીંગરા

**1909 :-** 13/11/1909 ન રોજ અમદાવાદના રાયપુર દરવાજા પાસે લૉર્ડ મિન્ટો પર બોમ્બ નાખવામાં આવ્યો હતો.

# ગાંધીજીનુ આગમન

**1915 :-** 25 મે,1915 ના રોજ અમદાવાદના કોચરબ ગામમાં "**સત્યાગ્રહ આશ્રમ**"ની સ્થાપના.

## 1917 :-ખેડા સત્યાગ્રહ

- 1917માં ખેડા જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે પાક નિષ્ફળ જવા છતાં અધિકારીઓએ ખેડૂતોનું મહેસૂલ માફ ન કર્યું. ગાંધીજીની નેતાગીરી હેઠળ ખેડાના ખેડૂતોએ સત્યાગ્રહ શરૂ કર્યો. 1918માં ગાંધીજીને સફળતા મળી.
- ગાધીજીએ મોહનલાલ પંડ્યાને 'ડુંગળી ચોર'નું બિરુદ આપ્યું.

## 1918 :-મિલમજૂર સત્યાગ્રહ

- અમદાવાદના મિલમજૂરોએ 35% પગારવધારવાની માંગણી કરતાં ગાંધીજીએ તેમને હડતાળ પાડવાની સલાહ આપી. હડતાળ સફળ થઈ અને મિલમજૂરોને 35% પગાર વધારો મળ્યો હતો.

## 1919 :- રૉલેટ ઍક્ટ

- વ્યક્તિ અને વાણી સ્વતંત્ર્ય પર લગામ લગાવતો કાયદો.
- ઈ પણ વ્યક્તિની કારણ આપ્યા વિના ધરપકડ કરી શકાય. તથા ખાસ અદાલતમાં કામ ચલાવી તેને સજા કરી શકાય.
  "કાળો કાયદો"- ગાંધીજી

## 1920-1922 :- અસહકાર આંદોલન

- શરૂયાત ગાધીજી દ્વારા " કૈસરે હિંદ" ની ઉપાધી ત્યાગીને કરાઈ હતી.
- 18/10/1920 ના રોજ "ગૂજરાત વિદ્યાપીઠ"ની સ્થાપના
- ટિળક સ્વરાજના ફાળામાં ગુજરાતે રૂ.15 લાખનો ફાળો આપ્યો.
- ચૌરીચૌરા(ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લામાં) હિંસક બનાવો બનતા ગાંધીજીએ આંદોલનન સમેટી લીધુ.

[ચૌરીચૌરા ગામે એક સરઘસ પર પોલીસોએ બેફામ ગોળીબાર કર્યો. કેટલાક લોકો મર્યા અને ઘવાયા. પોલીસોની કારતૂસો ખૂટી જતા થાણામાં ભરાઈ ગયા. લોકોએ થાણાને આગ લગાડી. તેમાં પોલીસના 22 માણસો મરણ પામ્યા.]

"હિમાલય જેવડી ભૂલ" –ગાંધીજી

## 1923 :- બોરસદ સત્યાગ્રહ

- બોરસદમાં બહારવટિયાઓના રક્ષણ માટે અંગ્રેજોએ સેના રાખી, જેનો ખર્ચ ખેડૂતો પર નાખ્યો જેથી વિરોધ થયો.
  08/01/19224 ના રોજ મુંબઈ પ્રાંતના ગૃહમંત્રીએ તે વેરો રદ કર્યો.

## 1928 :- બારડોલી સત્યાગ્રહ

- 1927માં બારડોલી તાલુકાના મહેસૂલમાં સરકારે 22% જેટલો ભારે વધારો કર્યો. જેથી વિરોધ થયો.

વલ્લભભાઈ પટેલની આગેવાનીમા સત્યાગ્રહ સફળ થયો. તેથી તેમને "સરદાર"નું ઉપનામ મળ્યું.

## 1927-1929 :- સાયમન કમિશન

- હેતુ :- હિંદને સુધારા આપવા.
- પરતું તેના સાત સભ્યો માંથી એકપણ ભારતીય ન હોવાથી તેનો વિરોધ થયો.
- ગુજરતમાં ગુજરાત કૉલજના વિદ્યાર્થીઓએ 39 દિવસની હડતાળ પાડી.

## 1930 :- દાંડીયાત્રા

- મીઠાના કાયદાના વિરોધમાં
- સાબરરમતી આશ્રમ/હરિજન આશ્રમ/ગાંધી આશ્રમથી - દાંડી ગામે
- ૧૨ માર્ચ – ૬ એપ્રિલ
- ૭૮ સાથીઓ સાથે
- ૩૭૦ કિમી/ 241 માઈલ
- મહાદેવભાઈ દેસાઈ આ દાંડીયાત્રાને 'મહાભિનિષ્ક્રમણ' સાથે સરખવે છે.
  સુભાષચંદ્ર બોઝ આ યાત્રાને 'નેપોલિયનની પૅરિસ માર્ચ' તરેકે ઓળખાવે છે.

- "કાગડા-કૂતરાની મોતે મરીશ પણ સ્વરાજ મેળવ્યા વિના પાછો નહિં ફરું" - ગાંધીજી

## 1930 :- ધરાસણા સત્યાગ્રહ

ગંધીજીએ સુરત જિલ્લાના ધરાસણાના મીઠાના અગરો ઉપર ધાડ પાડવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો.
આથી 5 મે, 1930 ના રોજ ગાંધીજીની ધરપકડ કરી યરવડા જેલમાં મૂક્યા. તેની આગેવાની ત્યાર બાદ અબ્બાસ તૈયબજીએ સંભાળી. 12 મે નાતેમની ધરપકડ થઈ ત્યાર બાદ સરોજિની નાયડુએ તેની આગેવાની લીધી.

## 1942 :- હિંદછોડો ચળવળ

- 8/8/1942 ના રોજ મુંબઈમાં મળેલી મહાસમિતિની બેઠકમાં 'હિંદ છોડો'નો ઠરાવ પસાર કરવામાં આવ્યો.
- 9/8/1942 થી અમદાવાદની મિલો, બજારો, શાળાઓ તથા કૉલેજોમાં 105 દિવસની હડતાળ પડી.
- **ઉમાકાંત કડિયા** :- અમદાવાદના ખાડિયામાં થયેલા ગોળીબારમાં ઉમાકાંત કડિયા શહેદ થયો.
- **વિનોદ કિનારીવાલા** :- લૉ કૉલેજથી નીકળેલું વિદ્યાર્થીઓનું સરઘસ ગુજરાત કૉલેજમાં પ્રવેશતાં થયેલા ગોળીબારથી વિનોદ કિનારીવાલા શહીદ થયો.
- **કિશોરલાલ મશરૂવાળાએ** 23 ઑગસ્ટના 'હરિજન' અંકમાં ભાંગફોડની પરવાનગી આપતું લખાણ પ્રગટ કર્યું.
- "કરેંગે યા મરેંગે" - ગાંધીજી
- 15 ઑગસ્ટ, 1947 –ભારત સ્વતંત્ર
- મુંબઈ રાજ્યની રચના થતાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનું એકીકરણ થયું.

## ગુજરાતનું અલગ રાજ્ય

- ગુજરાતની અલગ રચના કરવા માટે ઇન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળ લડત શરૂ થઈ.
- સપ્ટેમ્બર, 1956 માં "મહાગુજરાત જનતા પરિષદ"ની રચના કરવામાં આવી.
- હિંસક બનાવોના વિરોધમાં મોરારજી દેસાઈએ ઉપવાસ કર્યા.
- માર્ચ, 1960 માં કેન્દ્ર સરકારે દ્વિભાષી મુંબઈ રાજ્યના વિભાજનનો ખરડો પસાર કર્યો અને 1 મે, 1960 થી સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતના ગુજરાત અલગ રાજ્યની રચના કરવામાં આવી.
- ગુજરાત રાજ્યનું ઉદઘાટન પંડિત રવિશંકર મહારાજના હસ્તે કરવામાં આવ્યું.
- પ્રથમ પાટનગર :- અમદાવાદ
- વર્તમાન પાટનગર :- ગાંધીનગર(૧૯૭૧- હિતેન્દ્રભાઈ દેસાઈના સમયમાં વિકસાવવામાં આવ્યું.

- ગુજરાત માં પ્રથમ :-
  મુખ્યમંત્રી :- જીવરાજ મહેતા.
  રાજ્યપાલ :- મહેદીનવાઝજંગ.
  વિધાનસભાના અધ્યક્ષ :- કલ્યાણજી મહેતા.
  હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધિશ :- સુંદરલાલ ત્રિકમદાસ દેસાઈ
- સૌરાષ્ટમાં આરઝી હુકુમતનું વડુમથક :- રાજકોટ
  અને તેના મુખ્ય નેતા :- શામળદાસ ગાંધી
- સૌરાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી :- ઉચ્છગરાય ઢેબર

મહાગુજરાત ચળવળના મુખ્યંનેતા :- ઈન્દુલાલ યાજ્ઞિક.